# જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી,અમરેલી

ત્રીજો માળ,કલેકટર કચેરી,રાજમહેલ કમ્પાઉન્ડ,
અમરેલી–૩૬૫૬૦૧
Email:- *amreli.gp@gmail.com*

નં.સ્થા.સ્વ./ચટણ/વશી/ ૧૨૨ /૨૦૨૬ તા. ૦૮ / ૦૪ /૨૦૨૬

વંચાણમાં લીધા:–

(૧)અત્રેથી GeM Portal પર બહાર પાડવામાં આવેલ ટેન્ડર બીડ નં.GEM/2026/B/7343540 Dt.11/03/2026
(૨)આંતરિક સમિતિની બેઠક કાર્યવાહી નોંધ તા.૦૭/૦૩/૨૦૨૬, તા.૨૨/૦૩/૨૦૨૬, તા.૨૩/૦૩/૨૦૨૬
(૩)ખાતાકીય ખરીદ સમિતિ(DPC) ની બેઠકની કાર્યવાહી નોંધ તા.૨૩/૦૩/૨૦૨૬ તથા તા.૨૬/૦૩/૨૦૨૬
(૪)ગુજરાત રાજ્ય ખરીદ નિતિ–૨૦૨૪

## –// હુકમ //–

વંચાણમાં લીધા ક્રમ–૧ થી આગામી જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકા/ગ્રામ પંચાયતની ચૂંટણી–૨૦૨૬ અન્વયે અમરેલી જિલ્લામાં **'ફોર્મ્સ, કવર, બેઝ બિલ્લા તથા બેનર છાપકામ'** અંગેની સેવા મેળવવા માટે અત્રેથી GeM Portal પર ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે પરત્વે નીચે મુજબની એજન્સીઓ દ્વારા ઓનલાઇન બીડ ભરવાના નિયત સમયગાળા દરમિયાન ઓનલાઇન બીડ કરવામાં આવેલ.

(૧) એકતા ઓફસેટ પ્રા.લી. નડિયાદ
(૨) જાનકી ઓફસેટ, અમરેલી
(૩) મહાદેવ એન્ટરપ્રાઇઝ અમદાવાદ
(૪) PRC7–પ્રિતેશ યુનિટી એજન્સી પ્રા.લી.
(૫) શ્રી ચામુંડા ઓફસેટ, અમરેલી
(૬) ત્રિભોવનદાસ દામજી મહેતા, અમરેલી

સદરહું ટેન્ડરના કામે કચેરીની આંતરીક કમીટીની બેઠક દ્વારા એજન્સી દ્વારા રજૂ કરેલ ડોકયુમેન્ટની ચકાસણી કરવામાં આવતા ક્રમ નં.૧,૨,૩,૫, તથા ૬ ની એજન્સીઓ ટેકનિકલ કવોલીફાઇડ થતા, ડી.પી.સી. સમક્ષ ફાયનાન્સીયલ બીડ ખોલવામાં આવેલ. જેમા L1 તરીકે ભાવ રકમ રૂા.૧૨,૨૪,૪૧૫/– રજૂ થયેલ. સદરહું ટેન્ડરમાં RA (Reverse Auction) રાખવામાં આવેલ હોવાથી, GeM Portal પર સદરહુ બીડને RA (Reverse Auction)માં કન્વર્ટ કરવામાં આવેલ. RA (Reverse Auction) પૂર્ણ થતા L1 તરીકે નીચેની વિગતેની એજન્સી આવેલ છે.

| ક્રમ | એજન્સીનું નામ | RA બાદ રજૂ થયેલ ભાવ |
|---|---|---|
| (૧) | એકતા ઓફસેટ પ્રા.લી. નડિયાદ | ૭,૫૬,૯૭૫/– |

આમ, RA (Reverse Auction) પૂર્ણ થતા ઉકત વિગતે રજૂ થયેલ ભાવો ચકાસણી કરતા, રજૂ થયેલ ભાવો વાજબી જણાતા હોઇ, ઉકત વિગતેની એજન્સી પાસેથી સેવા મેળવવા ખાતાકીય ખરીદ સમિતિની બેઠક દ્વારા સર્વાનુમતે નકકી કરવામાં આવેલ.

**સબબ, ઉકત વિગતો ધ્યાને લઇ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકા/ગ્રામ પંચાયતની ચૂંટણી–૨૦૨૬ માં જરૂરીયાત પ્રમાણે 'ફોર્મ્સ, કવર, બેઝ બિલ્લા તથા બેનર છાપકામ' ની સેવા પુરી પાડવા માટે એકતા ઓફસેટ પ્રા.લી. નડિયાદ એજન્સીના નીચેના કોષ્ટક મુજબના ભાવો હુકમની તારીખથી એક વર્ષની મુદત માટે મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે.**



Scanned with OKEN Scanner

## કોષ્ટક

| Sr. | Item Title | Item Description | Required Item Quantity Tentative | Unit of Measure | Rate per Unit (Including all taxes) |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | 5 | 6 |
| 1 | Form Printing | Double side printing on Standard Legal Size 65 gsm Paper (bunch of 100 Nos) | 25 | Rate for 1 bunch | 35.00 |
| 2 | Form Printing | Single side printing on Standard Legal Size 65 gsm Paper (bunch of 100 Nos) | 25 | Rate for 1 bunch | 18.00 |
| 3 | Form Printing | Single side printing on Standard A4 Size 65 gsm Paper (bunch of 100 Nos) | 900 | Rate for 1 bunch | 46.00 |
| 4 | Form Printing | Double side printing on Standard A4 Size 65 gsm Paper (bunch of 100 Nos) | 3700 | Rate for 1 bunch | 51.00 |
| 5 | Form Printing | Single side printing on Standard A5 Size 65 gsm Paper (bunch of 100 Nos) | 960 | Rate for 1 bunch | 15.00 |
| 6 | Form Printing | Double side printing on Standard A5 Size 65 gsm Paper (bunch of 100 Nos) | 230 | Rate for 1 bunch | 15.00 |
| 7 | Form Printing Matdar kapli | Single side printing of Matdar kapli 4 inch by 3 inch 65 gsm Paper (bunch of 1000 Nos) | 2500 | Rate for 1 bunch | 50.00 |
| 8 | Cover | single side printing on 12 inch by 18 inch on 80 gsm paper(bunch of 100 Nos) | 180 | Rate for 1 bunch | 450.00 |
| 9 | Cover | single side printing on 12 inch by 15 inch on 80 gsm paper(bunch of 100 Nos) | 80 | Rate for 1 bunch | 395.00 |
| 10 | Cover | single side printing on 5 inch by 11 inch on 80 gsm paper(bunch of 100 Nos) | 960 | Rate for 1 bunch | 135.00 |
| 11 | Cover | single side printing on 12 inch by 10 inch on 80 gsm paper(bunch of 100 Nos) | 80 | Rate for 1 bunch | 325.00 |
| 12 | Cover | single side printing on 5 inch by 4 inch on 80 gsm paper(bunch of 100 Nos) | 150 | Rate for 1 bunch | 100.00 |
| 13 | Badge Billa | single side printing on 3 point 5 inch by 4 inch on 140 gsm card sheet (bunch of 100 Nos) | 625 | Rate for 1 bunch | 30.00 |
| 14 | Address Tag | Single side printing on 3 by 3 point 5 inch on 140 gsm card sheet(bunch of 1000 Nos) | 50 | Rate for 1 bunch | 100.00 |
| 15 | Sign board | single side printing on 4 inch by 11 inch on 140 gsm card sheet (bunch of 100 Nos) | 435 | Rate for 1 bunch | 10.00 |
| 16 | Sign board | single side printing on 13 inch by 16 inch on 140 gsm card sheet (bunch of 100 Nos) | 120 | Rate for 1 bunch | 10.00 |
| 17 | Pamphlet | Black and White Single side printing on A4 size 58 gsm paper (bunch of 100 Nos) | 35 | Rate for 1 bunch | 51.00 |
| 18 | Pamphlet | Black and White Double side printing on A4 size 58 gsm paper (bunch of 100 Nos) | 35 | Rate for 1 bunch | 59.00 |
| 19 | Stickersheet | Multi colour single side printing on A3 size paper (bunch of 100) Nos | 35 | Rate for 1 bunch | 685.00 |
| 20 | Flex Banner | Star Materials Flex Banner Printing 4 Pass 280 gsm with cuba at all corner | 7500 | Rate for 1 square feet | 5.65 |

**શરતો:-**

1. આ હુકમ મળ્યેથી એજન્સીએ તેઓની ઓફિસનું સરનામુ તાત્કાલિક જણાવવાનુ રહેશે. તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થયે તેની જાણ દિન-૦૧ માં કરવાની રહેશે. આ પ્રમાણે જાણ કરવામાં નહી આવે તો તે અંગેની જવાબદારી એજન્સીની રહેશે.
2. એજન્સીએ ભાવ મંજૂર કરવા અંગેનો હુકમ મળ્યા બાદ દિન-૦૭ માં ટેન્ડરની મંજુર થયેલ કુલ રકમના ૫% લેખે થતી રકમ રૂ.૩૭૮૫૦.૦૦/-(અંકે રૂપિયા સાડત્રીસ હજાર આઠસો પચાસ રૂપિયા પૂરા) ની રકમ સિક્યુરીટી ડીપોઝીટ તરીકે



જિલ્લા ચૂંટણી અધિકારી

Scanned with OKEN Scanner

રજૂ કરવાની રહેશે. આવી સીક્યુરીટી ડીપોઝીટ તરીકે "કલેકટર, અમરેલી'' ના નામની પ્લેજ કરેલ કોઇ પણ **રાષ્ટ્રીયકૃત બેંક**ની ફીકસ્ડ ડીપોઝીટ રસીદ રજૂ કરવાની રહેશે.

3. ભાવ મંજૂરીનો હુકમ થયે તુર્ત જ એજન્સીએ ભાવ મંજૂર કરનાર સાથે અત્રેના જણાવ્યા મુજબનું કરારખત રૂ.૩૦૦/- ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર કરી આપવાનું રહેશે. સ્ટેમ્પ પેપરની રકમ એજન્સીએ ભોગવવાની રહેશે.

4. **મંજૂર થયેલ ભાવ કાગળ, કવર તથા તેના ઉપર પ્રિન્ટીંગ, નંબરીંગ, પિનીંગ, બાઇન્ડીંગ, તમામ પ્રકારના ટેક્ષ, લેબર તથા અત્રેથી જણાવવામાં આવે તે કચેરીએ પહોંચતા કરવા સહિતના રહેશે.**

5. ભાવપત્રક પ્રમાણે સારી ગુણવત્તાવાળી અને સ્પષ્ટ રીતે સ્પેશીફીકેશન જણાવેલ છે તે મુજબના સ્પેશીફીકેશન પ્રમાણે જરૂરીયાત મુજબનો જથ્થો અત્રેથી જણાવવામા આવે તે રીતે બંચ બનાવી /નંગ વાઇઝ પૂરા પાડવાના રહેશે.આ બાબતમાં કોઇપણ ફરીયાદ ઉપસ્થિત થશે તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, અમરેલીનો નિર્ણય આખરી ગણાશે અને તે એજન્સીને બંધનકર્તા રહેશે.

6. મંજૂર થયેલ ભાવ હુકમની તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. ભાવ મંજૂર કરનાર ઇચ્છે તો એજન્સીની સહમતિથી વધુ મુદત માટે લંબાવી શકશે. આ પ્રમાણે મુદત લંબાવવામાં આવે તો તે દરમિયાનમાં પૂરા પાડવાના જથ્થા સંબંધિત બજાર ભાવમાં વધારો થવાના કારણે વધુ ભાવની માંગણી કરી શકાશે નહી.

7. ચૂંટણી પ્રક્રિયામાં જાહેર રજાઓ સહિત કામગીરી ચાલુ રહેતી હોઇ, ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ સમયે અધિકૃત સંબંધિત અધિકારીશ્રીના વર્ક ઓર્ડર મુજબ સામગ્રી/સેવાઓની જરૂરીયાત ઉભી થઇ શકે છે. આ સેવાઓ વિલંબ વિના જે તે કચેરી ખાતે ઉપલબ્ધ કરાવવાની રહેશે. શકય હોય ત્યાં સુધી મૌખિક આદેશ મુજબ કોઇ સેવા/સામગ્રી પ્રદાન કરવાની રહેશે નહિં. પરંતુ જો તાકીદના સંજોગોમાં લેખિત વર્ક ઓર્ડર આપવો શકય ન હોય તો પાછળથી કામગીરીનો વર્ક ઓર્ડર મેળવવાનો રહેશે.

8. આગામી ચૂંટણીઓ માટે ફોર્મ્સ, કવર, બેઇઝ-બિલ્લા, બેનર્સ તથા સ્ટીકર જરૂરીયાત હોય જે તે કચેરી માટે જોઇતા જથ્થાની જરૂરીયાતનો અંદાજ કરી તેનું આયોજન કરી એડવાન્સમાં તમામ પ્રકારની ફોર્મ્સ પ્રિન્ટીંગ કરવા પુરતા પ્રમાણમાં વ્યવસ્થા કરી લેવાની રહેશે. જેથી કચેરી તરફથી એજન્સીને જાણ કર્યેથી સમયસર પુરી પાડી શકાય.

9. અત્રેથી આપવામાં આવનાર વર્ક ઓર્ડર પ્રમાણે ફોર્મ્સ, કવર, બેઇઝ-બિલ્લા, બેનર્સ તથા સ્ટીકરનો જથ્થો યોગ્ય ગુણવત્તાવાળો તૈયાર કરવાનો રહેશે. અત્રેથી જણાવવામાં આવેલ નમુના મુજબની ડિઝાઇન એજન્સીએ તૈયાર કર્યા બાદ અત્રેની કચેરીના અપ્રુવલ બાદ જ પ્રિન્ટીંગ કરવાનુ રહેશે.

10. અત્રેથી/ ચૂંટણી સાથે સંકળાયેલ કોઇ અધિકારીની સૂચના મુજબ જે રંગના કાગળ/ શીટમાં ફોર્મ્સ, કવર, બેઇઝ- બીલ્લા વિગેરે છાપવાનું જણાવવામાં આવે તે પ્રમાણે છાપકામ કરી આપવાનું રહેશે.

11. અત્રેથી કરેલ ફાળવણી પ્રમાણે તાલુકા/કચેરી વાઇઝ અલગ અલગ બંચ/ બંડલ બનાવવાના રહેશે અને સામગ્રી સંબંધકર્તાને પહોચાડવાની રહેશે તથા ડીલીવરી ચલણમાં સહી મેળવવાની રહેશે.

12. એજન્સી આ કામગીરી અંગે કોઈ અન્ય વ્યકિતને પેટા કોન્ટ્રાકટ આપી કામગીરી સોંપી શકશે નહી.

13. અત્રે દ્વારા અથવા ચૂંટણી સાથે સંકળાયેલ અધિકારીશ્રી દ્વારા વર્કઓર્ડરમાં દર્શાવેલ સેવા/સામગ્રી/જથ્થાની આઇટમોના મંજૂર કરેલ ભાવ પ્રમાણે બિલમાં દર્શાવીને એજન્સીએ બીલો બનાવવાના રહેશે. તમામ બીલોની ચુકવણી "એકાઉન્ટ પેઇ" અથવા ઈ-પેમેન્ટ થી કરવામાં આવશે. નિયમાનુસાર/કાયદાનુસાર ભરવાપાત્ર IT TDS & GST TDS ની રકમ કપાત કરીને જ બીલની રકમ ચૂકવવામાં આવશે. કોઇ નિયમાનુસાર / કાયદાનુસાર ભરવાપાત્ર અન્ય ટેક્ષની રકમ ટેન્ડરરે ભરવાની રહેશે.

14. ટેન્ડર/હુકમની કોઇ શરતનો ભંગ કર્યે એજન્સીની સિક્યુરીટી ડિપોઝીટ જપ્ત કરી એજન્સીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

15. જો એજન્સી ROશ્રી/AROશ્રી/નોડલ અધિકારીશ્રી/મામલતદારશ્રીની જરૂરીયાત મુજબની જથ્થો સમયમર્યાદામાં પૂરા પાડશે નહીં તો ROશ્રી/AROશ્રી/ નોડલ અધિકારીશ્રી/મામલતદારશ્રી અન્ય એજન્સીને કામ આપીને કરાવી શકશે. આ માટે જે પણ ખર્ચ થશે તે રકમ મંજૂર કરેલ ભાવ કરતાં વધારે હશે તો તે તમામ રકમ એજન્સી પાસેથી તફાવતની રકમ પેટે વસુલ લેવામાં આવશે, તેમજ એજન્સીને મળવાપાત્ર પેમેન્ટમાંથી પણ પેનલ્ટી તરીકે સંબંધિત અધિકારીને યોગ્ય લાગે તેટલી કપાત કરી શકશે તથા આવી રકમ મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

16. આ કોન્ટ્રાકટ માટે કોઈ એડવાન્સ નાણાં ચૂકવવામાં આવશે નહી, પરંતુ મતગણતરી પૂર્ણ થયા બાદ બિલની રકમની ચૂકવણી યોગ્ય ચકાસણી કર્યા બાદ તેમજ ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી કરવામાં આવશે. વહીવટી કારણોસર બિલ ચૂકવણીમાં વિલંબ થશે તો તેના માટે કોઇ વ્યાજ મળવાપાત્ર થશે નહિ કે એજન્સી આવું વ્યાજ મેળવવા માટે દાવો કરી શકશે નહિ.

17. કરારના સમય ગાળા દરમ્યાન સ્વીકારેલ / મુકરર કરેલ ભાવ તથા અન્ય આનુસાંગિક ભાવોમાં વધારો મંજૂર કરવામાં કે વિચારણા હેઠળ લેવામાં આવશે નહિ તથા કચેરી દ્વારા વધારાના કોઈ પણ પ્રકારના ભથ્થા કે અન્ય ખર્ચ અલગથી ચૂકવવામાં આવશે નહિં.



Scanned with OKEN Scanner

18. આપેલ વર્ક ઓર્ડર મુજબ મંગાવવામાં આવેલ ચીજ વસ્તુઓની ગુણવતા નબળી અથવા ઉપયોગમાં લઇ ન શકાય તેવી હશે તો ચીજવસ્તુ બદલી આપવાની અથવા વર્ક ઓર્ડરમાં દર્શાવેલ કંપની/બ્રાન્ડની જ પુરી પાડવાની જવાબદારી એજન્સીની રહેશે.

19. કુદરતી આફત, માનવ સર્જિત આફત, આગ, અકસ્માત કે કાબુ બહારના સંજોગોના કારણે એજન્સી તરફથી પુરા પાડવામાં આવનાર ફોર્મ્સ, કવર, બેઇઝ-બિલ્લા, બેનર્સ તથા સ્ટીકરના કોઇપણ જથ્થાને ડીલીવરી પહેલા નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડર મંજૂર કરનારની રહેશે નહીં . આ અંગેની તમામ જવાબદારી એજન્સીની પોતાની રહેશે.

20. આ કચેરી સાથેના કરાર ગાળા દરમ્યાન અકસ્માતથી પ્રિન્ટીંગ કરીને પહોચતી કરતા વાહન / પ્રવાસીને કે અન્ય કોઈ વ્યક્તિ, માલ-સામાન વિગેરેને જો કોઈ નુકશાન, ઈજા કે મૃત્યુ થાય તો તે અંગે કચેરીની કોઈ નાણાંકીય કે કાયદાકીય જવાબદારી રહેશે નહિ. આવા સંજોગોમાં સદર બનાવ અંગેની તમામ કાર્યવાહી તથા જવાબદારી ઈજારદારના શિરે રહેશે.

21. ટ્રાન્સપોર્ટેશન દરમિયાન ચીજવસ્તુ/સામગ્રી નુકસાન પામે તો તુર્તજ ચીજવસ્તુ/સામગ્રી એજન્સીના ખર્ચે બદલી આપવાની જવાબદારી એજન્સીની રહેશે.જે અંગે એજન્સી વધારાની રકમની માંગણી કરી શકશે નહીં.

22. સેવાઓનો જરૂરીયાત અનુસાર જથ્થામાં વધારા-ઘટાડાની શક્યતા રહેલી છે. આવા વધારા-ઘટાડા અંગે એજન્સી કોઇ હક્ક-દાવો-વાંધો લઇ શકશે નહી અને ટેન્ડર મંજુર કરનાર કે સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તે પ્રમાણેની જ સેવાઓ પૂરી પાડવા ટેન્ડરર્સ બંધાયેલા રહેશે.

23. એજન્સી કોઈપણ રાજકીય પક્ષના સભ્ય અથવા પક્ષ સાથે કોઈપણ પ્રકારે જોડાણ અથવા હિત સંબંધ અથવા રાજકીય હોદ્દો અથવા રાજકીય વ્યક્તિ અથવા કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણી લડતાં ઉમેદવાર સાથે હિત સંબંધ ધરાવનાર હોવા જોઈએ નહી. તેમજ કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણી લડતાં ઉમેદવાર કે તેના સમર્થકનું કોઈ પણ પ્રકારનું આતિથ્ય સ્વીકારી શકશે નહી.

24. ઉપરોક્ત શરતો પૈકી કોઈ શરતમાં વધારો અથવા સુધારો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર,અમરેલી કરી શકશે. જે એજન્સીના ધ્યાને લઈ તે મુજબ કામગીરી કરી આપવાની રહેશે.

25. આ હુકમ કોઈપણ તબકકે સ્થગીત કરવાનો કે રદ કરવાનો અથવા અંશતઃ સ્વીકારવાનો નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,અમરેલીનો આખરી રહેશે.

26. આ કામના હુકમ/કરાર/ટેન્ડર બાબતે કોઈપણ વિવાદ અને કાનુની ગૂંચ ઉદભવે તો તે અંગેની બાબત અમરેલી ન્યાયાલયના કાર્યક્ષેત્ર હેઠળ નિકાલ કરી શકાશે.

27. ઉપર દર્શાવેલ શરતો તથા ટેન્ડરની તમામ શરતો તથા ભવિષ્યમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, અમરેલી દ્વારા આપવામાં આવનાર તમામ સૂચના/શરતોનું પાલન કરવા એજન્સી બંધાયેલ રહેશે.

(જિલ્લા ચૂંટણી અધિકારી કલેક્ટર-અમરેલી)

જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેકટર અમરેલી

પ્રતિ,
**શ્રી ધૈર્ય ગૌરાંગભાઇ શાહ,**
**ડિરેક્ટરશ્રી,એકતા ઓફસેટ પ્રા.લી.**
**રહે.૯-બી, સાધના સોસાયટી,પેટલાદ રોડ, નડિયાદ, જિ.ખેડા**
**મો.૯૪૦૮૫ ૧૩૨૧૨ /૯૯૦૪૮ ૫૩૮૦૦**

<u>નકલ રવાના</u>:-
૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલી
૨. પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી
૩. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અમરેલી
૪. પ્રાંત અધિકારીશ્રી, ................ તમામ,જિ.અમરેલી
૫. ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી,..................... જિ.અમરેલી
૬. નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલી
૭. મામલતદારશ્રી, .................. (તમામ), જિ.અમરેલી
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી, ........................ (તમામ) સંબંધિત મામલતદારશ્રી મારફત
૯. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, .................. (તમામ) સંબંધિત મામલતદારશ્રી મારફત



Scanned with OKEN Scanner